# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

"સબ ધરતી કાગદ કરૂં,
લેખની સબ વનરાઇ
સાત સમુદ્ર કી શાહી કરૂં,
ગુરુ ગુણ લિખા ન જાય."

- કબીર

## પાથેય

- રમેશ ઠક્કર

# સાચો નામ સાહેબકો...

ગુરૂ પરંપરા એ કદાચ આપણી ભવ્ય વિરાસત છે..અષાઢ મહિનાની પૂનમ ગુરૂપૂર્ણિમા કહેવાય છે..એ દિવસે ગુરૂમહિમા કરવામાં આવે છે..ગુરૂ એટલે પ્રકાશ પુંજ .જે આપણા અજ્ઞાન અને તમસને દૂર કરે..એ શિક્ષક પણ હોય..કોઇ મહાપુરુષ પણ હોય..મિત્ર હોય..સખી હોય કે દુન્યવી દ્રષ્ટિએ સામાન્ય જણાતી કોઇ વ્યકિત પણ હોઇ શકે ! મને ઘણા પુછે છે "તમારા ગુરૂ કોણ ?" ત્યારે એ પ્રશ્નનો જવાબ આપવો મારા માટે આસાન નથી હોતો..! કેમકે શીખવાની મારી પ્રક્રિયા નિરંતર ચાલતી હોય છે..એટલે મને સતત સદગુરૂની તલાશ હોય છે !

દુનિયામાં આપણે કેટલા બધા લોકો પાસેથી કેટકેટલું શીખતા હોઈએ છીએ..?પણ આપણે વાત કરવી છે ગુરૂશિષ્ય પરંપરાની...મને વિસ્મય થાય એવા એક ગુરૂ છે..સદગુરૂ ભાણસાહેબ...જે અઢારમી સદીના એક મહત્વના કવિ પણ છે..એમની સાખીઓ પ્રચલિત છે..જેમાં અખો કે ભોજા ભગતનો સમન્વય જોઇ શકાય.."ભણે લુહાણો ભાણો.." એ એમની ધ્રુવપંકિત..એમ તો "ગગન મંડળની ગાગરડી ગુણ ગરબી રે.." એવું ગાનારા ભાણદાસ નામના એક બીજા કવિ પણ છે..પરંતુ આપણે વાત કરવી છે "રવિભાણ " સંપ્રદાયવાળા ભાણસાહેબની...

ભાણસાહેબનો જન્મ ઇ.સ.૧૬૯૮માં ચરોતરના કનખીલોડ ગામમાં..પણ એમનું વતન રાધનપુર પાસેનું ગામ વારાહી..પિતાનું નામ કલ્યાણજી ઠકકર..વારાહીમાં એમનું પૈતૃક ઘર આજે પણ ઉભું છે..હમણાં હું ત્યાં ગયો હતો..પરંતું ગામમાં કોઇને એ ખબર ન્હોતી કે આ ગુજરાતી ભાષા અને આપણા ભકિત સંપ્રદાયના એક દિગ્ગજ પુરૂષનું ઘર છે..મને તલાશ હતી કે કોઇ જાણકાર મળે પણ લોહાણાઓનાં અનેક ઘર હોવા છતાં એમાંથી પણ કોઇ જાણકાર મળ્યું નહી..

ભાણસાહેબ દર વરસે પોતાની ભજનમંડળી જેને તેઓ "ભાણફોજ" કહેતા એની સાથે વારાહીથી દ્વારકા ચાલતા જતા..એમની સાથે એમની ઘોડી અને એક પાળેલો કૂતરો અવશ્ય સાથે રહેતા..એ સમાજ સુધારક પણ હતા..વેરવિખેર લોહાણા સમુદાયને એમણે સુગ્રથિત કર્યો..નિયમો સરળ બનાવ્યા..બીજા સમાજો માટે પણ સુધારકની ભુમિકા નિભાવી..

ગામેગામ એમના શિષ્યો હતા..એકવખત યાત્રા દરમિયાન એ વિરમગામ પાસેના કમીજલા ગામ પાસેથી પસાર થતા હતા..ત્યાં મેપો નામે એક ભરવાડ એમનો શિષ્ય રહેતો હતો..ભાણસાહેબ એને મળવા એના ઘેર ગયા..પણ મેપો વગડે નિકળી ગયો હતો..એ પરત ફર્યા..ઘરવાળીએ ભાણસાહેબ આવ્યાની વાત કરી.એણે ગુરૂને મળવા દોટ મૂકી...

ભાણસાહેબ ગામની બહાર નિકળતા હતા ત્યાં મેપો દોડતો દોડતો પાછળ આવતો હતો. એ ભાણસાહેબને ઉભા રહેવા માટે બૂમો પાડવા લાગ્યો. ભાણસાહેબ ભકિતમાં મગ્ન રામધૂન કરતા ચાલ્યા જતા હતા. કમીજલા ગામના તળાવની પાળે એ ચાલતા હતા ત્યાં ગુરૂના દર્શન માટે બેબાકળા થયેલા મેપાએ રાડ પાડી.."ભાણસાહેબ ઉભા રહો..તમે હવે આગળ વધો તો તમને દ્વારકાધીશના સોગન..." અને એ થંભી ગયા..એમણે ત્યાં જ સમાધી લેવાનો નિર્ણય કર્યો...પોતાની ઘોડી અને કૂતરા સાથે..મેપો રડવા લાગ્યો.છેવટે એને પણ આજ્ઞા મળી અને કમીજલાના પાદરે એ ચારેય આત્માઓની સમાધી લાગી. જે આજે પણ મોજૂદ છે..ત્યાં સરસ ધર્મ પરિસર છે..ગુરૂગાદી છે..

એમનાં સરસ પદો છે..જેમાં જબરજસ્ત ફિલોસોફી છે..જીવનસાર છે...એ લખે છે
"કૂડી છે કાયાને કૂડી છે માયા,જૂઠડો આ જગ જાણો,
સાચો નામ સાહેબકો જાણો, ભણે લુહાણો ભાણો "

# ભય વિના પ્રીતિ શક્ય નથી

તંત્રીસ્થાનેથી...

આસામના મુખ્યમંત્રી તરીકે સોનોવાલ જેવા પાયાના ભાજપના અગ્રણીને બીજી વાર એ પદે નહીં આપી કોંગ્રેસના એક સમયના ચુસ્ત વફાદાર નેતાને એ પદ પર આરૂઢ કરવા પાછળ રાષ્ટ્રીય નેતૃત્વની દૂરંદેશી હતી. હિંમત બિસ્વા સરમા આસામમાં ભાજપને મજબૂત કરનારા સૌથી લોકપ્રિય નેતા છે. એણની લોકપ્રિયતાને લીધે એમને 'સેવન સિસ્ટર' માં જ્યાં ભાજપ માટે વિચારધારાના મુદ્દે પ્રવેશ સુધ્ધાં અઘરો હતો ત્યાં ભાજપનું શાસન સ્થાપિત કર્યું અને એથી તેઓ પૂર્વોત્તરના સૌથી મહત્ત્વપૂર્ણ નેતા બની ગયા છે. આસામમાં મુસ્લિમ વસતિના એકધારા વધારા પાછળ કોંગ્રેસની લઘુમતી પરસ્તી અને વોટબેંક રાજનીતી જવાબદાર હતી. બાંગ્લાદેશમાંથી રીતસરનો મહાપ્રવાહ શરૂ થયો હતો જેને કોંગ્રેસ શાસિત કેન્દ્ર સરકારે દેશહિત કરતાં શાસક પાર્ટી માટે આશીર્વાદરૂપ માની આંખ મિંચામણાં કરવામાં જ શ્રેય માન્યું હતું. પરિણામે આસામમાં આતંકવાદીઓના અડ્ડા જેવી મદરેસાઓ શરૂ થઈ હતી. ધાર્મિક શિક્ષણની બંધારણ દ્વારા અપાયેલ 'આઝાદી'નો સૌથી મોટો દુરુપયોગ આ ઈશાનિયા રાજ્યોમાં થવા લાગ્યો હતો જે કોંગ્રેસના જ ચુસ્ત નેતાઓને મનોમન દેશદ્રોહ કરતા હોઈએ એવી અપરાધગ્રંથિની અનુભૂતિ કરાવતો હતો. હિંમત બિસ્વા સરમાને કોંગ્રેસની જૂથબંધીમાં પણ બહુ સાઈડલાઈન કરી શકાય એમ નહોતા. એમની લોકપ્રિયતા છતાં જ્યારે કોંગ્રેસમાં રહેતાં એમને મૂંઝવણ થવા લાગી ત્યારે વિચારધારા સાથે સ્નાનસૂતકનો સંબંધ નહીં ધરાવતા હોવા છતાં તેઓએ ભાજપનો કેસરિયો ધારણ કરી રાષ્ટ્રવાદી ધારામાં પ્રવેશ કર્યો હતો અને એમની યોગ્ય કદર પણ થઈ હતી. સોનોવાલ કરતાં હિંમત વધુ લોકપ્રિય હતા. એમને જે પક્ષમાં રહે એમાં સહયોગ કરવા તૈયાર હતી. એથી એણને જૂના કોંગ્રેસી હોવા છતાં હાઈકમાન્ડે મુખ્યમંત્રી પદના નવાજેશ કરવાની ફરજ પડી હતી. એમની દૃઢ નિર્ણયશક્તિનો પરચો તેઓ શિક્ષણ મંત્રી તરીકે મદરેસાઓને સરકારી ગ્રાંટ આપવાનું બંધ થયા પછી એમને ઝીણી નજરે જોયું કે ધાર્મિક શિક્ષણના નામે મદરેસાઓમાં તો નર્યા આતંકવાદનો જ ઉછેર થતો રહ્યો છે. એમને એમના નામ મુજબ હિંમત દાખવીને આવી મદરેસાઓ પર બુલડોઝર ફેરવી દઈને અનુકરણીય દાખલો બેસાડ્યો છે. એમની સમજણ બહુ જ સ્પષ્ટ છે. ધાર્મિક શિક્ષણ મેળવવાનો દરેક ધર્મના વિદ્યાર્થીઓને અધિકાર છે પરંતુ એવું શિક્ષણ સરકારી ખર્ચે અપાય તે જરૂરી નથી. એવું શિક્ષણ માતાપિતા ઘરે આપી શકે. એમાં કશી રોકટોક નહીં હોય. પરંતુ બહારથી આતંકવાદી સંસ્થાઓ શિક્ષણના નામે મદરેસાઓ ખોલીને એમાં દેશવિરોધી આતંકવાદીઓ પેસા કરે તે કેવી રીતે સહન થાય? આ મુદ્દે હિંમત બિસ્વા સરમા બહુ જ કડક બની ગયા છે અને આવાં થાણાં પર એમને બુલડોઝર ફેરવી દઈને એમની હિંમતનો પરતો બતાવી દીધો છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે એમના રાજ્યમાં જે 'બુલડોઝર સંસ્કૃતિ' વિકસાવી છે એનું જ આ એક્સ્ટેન્શન છે, પણ એથી એક જબરદસ્ત ધાક ઊભી થશે એમા શંકાને સ્થાન નથી. ક્યારેક 'ભય વિના પ્રીતિ નથી' અને 'લાતોં કે ભૂત બાતોં સે નહીં માનતે' જેવી કહેવતો કે ઉક્તિઓને સાર્થક કરતી ઘટનાઓ બને છે ત્યારે વિષાદ જરૂર જન્મે છે, પણ એવા આંચકા રાષ્ટ્રજીવનની તંદુરસ્તી માટે જરૂરી બની જતા હોય છે. કોંગ્રેસની પંપાળનીતિ સામે ભાજપની આ કઠોરતા આખરે તો રાષ્ટ્રીય હિતમાં જ ગણાશે.

# 'મહારાની' - ભારતીય રાજકારણનું પ્રતિબિંબ




ભારતને સ્વતંત્રતા મળી એ પહેલાં અને સ્વતંતા મળી એ પછી ભારતીય રાજકારણમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળે છે. એમાં પણ બાબરી ધ્વંસની ઘટના પછી એમાં વધારો જોવા મળે છે. પક્ષીય રાજનીતિથી દૂર જઈને વ્યક્તિગત રાજનીતિ કેન્દ્રમાં આવી અને વ્યક્તિની સત્તા માટેની મહત્ત્વાકાંક્ષા વધતી જ ગઈ. સોની લિવ એપ પર અત્યારે લોકપ્રિય વેબ સિરીઝમાં 'મહારાની' ની ચર્ચા વધારે ચાલી રહી છે.જે પહેલી સીઝન કરતા વધારે રોચક અને વિસ્ફોટક છે. 'મહારાની'ની ભૂમિકા હુમા કુરૈશી એટલી બખૂબીથી નિભાવે છે, કે અઠંગ રાજકારણીનો ખ્યાલ આવે. બિહારની રાજનીતિનું પ્રતિબિંબ એમાં દેખાય છે. ભાનુ ભારથીની હત્યાનો પ્રયત્ન થાય છે અને એ પોતાના વિકલ્પે પોતાની પત્ની રાનીને મુખ્યમંત્રી બનાવે છે અને રાની પોતાની સૂઝથી, રાજકારણના અઠંગ દાવપેંચથી સત્તાના સૂત્રો ટકાવી રાખે છે.




લાલુપ્રયાદ યાદવ અને રાબડી દેવીની યાદ અપાવે એવા પણ કેટલાક પ્રસંગો છે. નાટ્યાત્મકતા ત્યાં છે કે રાની ચારા કૌભાંડમાં પોતાના જ પતિ ભાનુ ભારથીને જેલ મોકલે છે અને પોતે કેવી રાજનીતિમાં માને છે એનો દાખલો બેસાડે છે.

બિહારની રાજનીતિ આમ પણ સંકુલ વધારે રહી છે. બિહાર એટલે ગુંડારાજ એવું સાંભળતા આવ્યા છે. પણ આ ધારાવાહિક એનો અનુભવ કરાવે છે. પોતાને બાહુબલિ માનતા વિધાયકો ખુલ્લેઆમ પોતાની ગુંડાગીરી કરે, બળાત્કાર કરે, ભ્રષ્ટાચાર કરે, કોઈ રોકટોક નહીં પણ રાની દેવીના આવ્યા પછી પરિસ્થિતિમાં ફેર પડે છે. અગૂંઠા છાપ રાની દેવી કમસે કમ સહી કરતા તો શીખી જાય છે એની સાથે પડછાયાની જેમ રહેનાર એની આસિસ્ટન્ટ એને સતત સાચી દિશામાં માર્ગદર્શન આપતી રહે છે અને એ આગળ વધતી રહે છે.

બીજી બાજુ એક પાત્ર નવીનનું છે જે પણ સતત સત્તા પ્રાપ્તિ માટે ગમે તે કરી શકે એવો છે અને ધર્મનું પ્યાદું પકડે છે અને મચાન બાબાની પાદુકા લઈ આશીર્વાદ યાત્રા કાઢે છે, જે પણ સોમનાથ યાત્રાની યાદ અપાવે છે.

ધારાવાહિકના બધા જ મુખ્ય અભિનેતા - અભિનેત્રીઓમાં અભિનય સક્ષમ છે પણ હુમા કુરૈશી લાજવાબ અભિનય કરે છે, અભણ હોવા છતાં એનું મક્કમ મનોબળ એના સંવાદોમાંથી એના ચહેરાના હાવભાવથી પ્રગટ થાય છે. ધારાવાહિકના સંવાદો પણ ચોટદાર છે, રાજકારણ અને ગુંડારાજના વિષયને અનુરુપ છે, 'મહારાની' વેબ સિરીઝ ભારતીય રાજકારણનું પ્રતિબિંબ પાડે છે. દુ:ખ એ વાતનું છે કે એ પ્રતિબિંબ અત્યંત વરવું અને શરમ ઉપજાવે એવું છે.

# 'ભીતર ઊંડે ઊંડે સાવ અમસ્તુ કશુંક છે સળવળે, ને મૃત્યુ બાદ યાદ કરતું એકાદ જણ મળે એમ પણ બને'

શું દરેક મુસીબતનો આપઘાત જ આખરી નિર્ણય આપઘાત જ છે?

મનુષ્યની માનસિક સ્થિતિને અસ્તવ્યસ્ત કોણ કરે છે ? પોતાના જીવન પ્રત્યેનો દ્રષ્ટિ કોણ જ ને...

કદાચ આપણા જેવું જીવન ઘણાં લોકો ઝંખતા હશે. પણ પોતાની ઝંખનાને ખોઈ બેસનાર કોને અને શું ઝંખતા હશે?

આપણે એ યાદ રાખવું જોઈએ આપણે પૃથ્વી ગ્રહ પર જીવન ને માણવા આવ્યા છીએ. રિબાવા કે કમોતે મરવા નહીં જ.

આપણા નજીક ના કોઈ દોસ્ત કે નજીકની કોઈ વ્યક્તિ આપણામાં નોંધ લે અથવા આપણે બીજાના પ્રોબ્લેમમાં નોંધ લઈએ છીએ ખરા?

કેમ છો? નો જવાબ બસ સરસ, મજામાં જ આપતાં લોકો ક્યારેય કોઈક ભીંસ માં કોઈક મુસીબતમાં હોય છે, શું આટલું જાણી ના શકીએ, અથવા કહી ના શકીએ, પણ આપણને તો હમેશા ડર હોય છે કે કોઈક શું કહેશે.અને આવું બન્યું છે, આ સમસ્યા છે ખબર પડશે તો શું કહેશે?

આ ડરમાંથી બહાર ના આવી શકનારા જ આત્મહત્યા કરવાનું પગલું ભરી લેતા હોય છે.

સુશાંતસિંહ રાજપૂતની વાત કરીએ તો કેવું સરસ વ્યક્તિત્વ, ટેલિવિઝનથી લઈ ફિલ્મો સુંધીની એની દરેક સફર અદભુત નીવડી.ક્યારેય કલ્પના હતી ખરી કે આવો સફળ અભિનેતા આવું પગલું ભરશે.

પણ !સફળ થવું સારૂં કે સફળતાના પ્રયાસ કર્યા કરતાં રહેવું સારૂં.

સંઘર્ષ, નિષ્ફળતા પછી જે નામ, ચાહત, ઈજ્જત અને પૈસા મળે છે એમાં અધૂરપ ક્યાં વર્તાતી હશે?

શું સફળ થયેલો માણસ પોતાને જ નહીં સમજી શકતો હોય.

લોકોના રોલમોડલ સુધી પહોંચેલો માણસ એટલી હદે ડિપ્રેશનમાં પહોંચી જાય કે અંતિમ પગલું ભરી બેસે આત્મહત્યાનું.

કેટ કેટલા લોકોએ સુશાંત સિંહ જેવાં બનવાના સપના સેવ્યા હશે. કેટલી છોકરીઓ એ પર્સનાલીટી પાછળ ફિદા હશે. પરંતુ એવી તો કેવી આંટી ઘૂંટી હશે આ કલાકારના જીવનમાં કે એ આપઘાત કરી બેસે.

આટલા લોકોની ચાહના મેળવનાર ખુદ ને જ ના ચાહી શકે એ કેટલું ભંયકર કહેવાય.

સફળતા મેળવ્યા પછી પ્રેમ, અથવા બીજા અન્ય કારણોસર માણસ કેમ રિબાતો હશે?

શું સફળતા, લોક ચાહના, સ્ટેટ્સ પામ્યા પછી માણસ એને પચાવી શકવા માટે સક્ષમ નહીં હોય.

વિચાર આવે છે, મનુષ્યને આખરે જોઈએ છે શું?

બધા મોટિવેટર સફળતા માટે સમજાવે છે, પણ સફળતા પામ્યા પછી નું શું? એને પચાવવા માટેના પણ કોઈક કીમિયા હશે.

શોખ, ધ્યેય, લક્ષ્ય, પરિણામ, નામના, પૈસા, ઈજ્જત, પ્રેમ આમાંથી દરેક વસ્તુ પાછળ આંધળી દોટ મુકતો માણસ આખરે જીવન નો ખરો અર્થ શું? એ જ નહીં વિચારી શકતો હોય.

જિંદગી જીવવા તો રોટી કપડાં મકાન જ જોઈએ ને..... કે એથી વધું?

કારણ સફળ થયા અને પ્રેમ પામ્યા પછી શું?

અથવા કે પ્રેમ મેળવવા માટે જ જો બધું હોય તો સફળતા ને પ્રેમ સાથે કોઈ સબંધ.

જાહેર માં બધું જાહેર ના કરી શકનાર સેલેબ્રીટી અંગત રીતે પણ જાહેર નહી કરી શકતા હોય એમની વ્યથા.




શું આજ જીવન... ચમકવું, ઉછળવું અને અંતે ઘુંટાવવું., ગુંગળાવી દેવું ખુદ ને.

કહેવાય છે કે સૌથી મોટી સફળતા છે સંતોષ!!!! જ્યારે તમે પોતાની જાત થી સંતોષ મળે ને એજ સાચી સફળતા ..

પણ આખી દુનિયા જેની ચાહતમાં હોય એવા કલાકાર જાત સાથે પ્રેમ નહીં કરતાં હોય.

ફિલ્મો દ્વારા બીજાને પ્રોત્સાહિત કરનાર પોતે પ્રોત્સાહન મેળવી શકવામાં કેમ માર ખાઈ જાય છે.

પ્રેમ માં નિષ્ફળતા હોય તો શું અંગત જીવનમાં પ્રેમના મેળવી શકનાર નો અંત આપઘાત જ હોય.

સફળતા મેળવનાર માણસે સફળ વિચાર સરણી કેળવવી જરૂરી છે.

ગાડી, બંગલા, બેંક બેલેન્સ ના હોય તો શું? જીવન તો છે ને..

જીવનમાં બધું જ મેળવ્યા પછી પણ કંઈક ના હોવાની ફરિયાદ ને ટાળી દઈશું તો સમજાશે કે આસપાસ ઘણું છે ખુશ રહેવા માટે.

જીવનમાં ઊંડા ઉતર્યા કરતાં દરેક ક્ષણ જીવવા પર ધ્યાન આપીએ તો જીવન રંગીન.

જીવન પ્રત્યેના સાચા નિર્ણય જ જીવન માટે ઉપયોગી સાબિત થઈ શકે છે. અને આપઘાત એ સાચો નિર્ણય નથી જ..

ટાગોરજી કહે છે કે.. Let your life lightly dance on the edges of Time like dew on the tip of a leaf.

અથાર્ત જેમ ઝાકળનું ટીપું પાંદડા પર હળવેથી ડોલે છે, એવી રીતે સમયની ધાર પર આ જીવનને પણ હળવેથી ઝૂમવા દો.

જીવન એ માત્ર દ્રષ્ટિ કોણની આખી રમત છે.

આત્મહત્યા એ કોઈ પ્રશ્નોનો કે મુશ્કેલીઓનો સુઝાવ નથી.

જિંદગી માં હતાશા આવે ત્યારે..

(૧) શાંતિ રાખો : જયારે કોઈપણ મુશ્કેલીઓ આવે કે આંધી આવે ત્યારે સૌપ્રથમ શાંતિ રાખો. જરાય ગભરાઈ ન જાવ કે ઉતાવળા કે બેબાકળા ન બનો.

(૨) વિચારછોડો : જરાપણ ખરાબ વિચાર આવે કે એ વિચારને પડતા મુકો, વિચાર કરવાનું છોડી દો.

(૩) કુદરત સાથે સમય પસાર કરો : નબળા વિચાર આવે ત્યારે બધુ છોડી ક કુદરત કે પ્રકૃતિ પાસે જાવ.

(૪) નકામી વ્યથા છોડો : આપની નજીક કોઈ હોય જે આપને સમજી શકતુ હોય, વિશ્વાસ હોય તેને તમારી વ્યથા-મુશ્કેલીઓ, ભુલો કહો.

(૫) હિંમત રાખો : કોઈપણ પરિસ્થિતીમાં હિંમત રાખો.

(૬) લાગણીઓને કાબુમાં રાખો : બહુ લાગણીવશ ન થાવ, લાગણીને કાબુમાં રાખતા શીખી લ્યો.

(૭) પ્રયત્ન ચાલુ રાખો : આપઘાત એ સમસ્યાનો અંતિમ ઉકેલ નથીજ, દરેક પ્રકારના પ્રશ્નોનું નિરાકરણ હોય જ છે. માત્ર હિંમત રાખવાની.

# 'માણસ સુધારવા હોય તો સાથે રહીને સુધારાય, દૂર થઈ ને નહીં'

"ગે" . . . એક વિચાર માંગી લેતી અવસ્થા, કોઈને પણ ન ગમતો ચહેરો, જેને સૌ જોવા તો માંગે જ છે . . . ! ટ્રેનમાં, બસમાં રાત્રી પ્રવાસમાં સાથળ પર ફેરવાતા હાથ, ભીડમાં આગળ અને પાછળથી લાગેલા ઈરાદાપૂર્વકના ધક્કા. અચાનક જ માત્ર મિનિટોના પરીચયમાં ગાઢ મિત્રતાના દાવા, ક્યારેક ટાઈમ કાઢીને મળવાના ઈજન . . . કોઈ મોટી ઉમરનો વાંઢો, એકલો રહેતો આધેડ, શરીરની રચનાને ઉલટી ચલાવતી માનસિકતા જ્યારે એક આખેઆખા વ્યક્તિત્વ પર કબ્જો જમાવી બેસે ત્યારે તેના અનેક દુષ્પરીણામો આપી જાય છે. કોઈની માનસિક પસંદગી ભલે તેમના પોતાના માટે ઈરોટિક હોય, પરંતુ તેનો ભોગ બનતા નિઃસહાય બાળકની સહજ મનોવૃત્તિને કાયમ માટે તહસ-નહસ કરીને એક કોરી પાટી પર ઊંધો "ક" ચિતરાવાની શરૂઆત થાય છે, અને તેમાંથી જન્મે છે "ગે" સમાજનો નવો સદસ્ય !

આ એક વિષચક્ર છે જે પોતાના અનેક વારસો તૈયાર કરી જશે. એક પુરુષની આ મનોવૃત્તિ પ્રત્યે પ્રથમ ઘૃણા, પછી તેને સમજવાની કોશિશ અને અંતે ઓશોની આંખે તેમના તટસ્થ સ્વીકારમાં બદલાઈ. આવા અનુભવો પ્રત્યે શરૂઆતની ધૃણાના પરિણામે અમે એમને બે ચાર ધોલ-ધપાટ, મા-બેન સામે ગાળો અને પછીથી મિત્રો સામે આખી ઘટનાનું તાદશ બયાન કરી, ખુબ બહાદુરીનું કામ કર્યું હોય એમ સીનો ફુલાવતા . . . "અર્ધનરીશ્વર" સહજ છે, પરંતુ પુરૂષના શરીરમાં સ્ત્રિપણું જ્યારે પ્રબળતા ધારણ કરે છે ત્યારે આખી ગડબડ ઉભી થાય છે.

એક વિચાર "ના ગમે તો સારી રીતે "ના" પાડી જ શકાય છે ને ?". ત્યારથી આજ સુધી અમારો હાથ કદી "ગે" લોકો પર ઉપડ્યો નથી.

ગુજરાતના રાજકારનનું એક ખુબ મોટુ માથું, કલાસ વન અધિકારીઓ, પટાવાળા, પ્રતિષ્ઠિત વ્યાપારીઓ, ખુબ માથાભારે વ્યક્તિઓ. પ્રાણીજગતમાં પણ સજાતીય સંબંધો જોવા મળે છે, પણ તે માત્ર આધિપત્ય સ્થાપવા માટે. માનવમાં કદાચ તે "અજાણી દુનિયામાં પગ મુકવાના થ્રિલ" સાથે જોડાયું છે. શરુઆતમાં હું જેમનાથી ચીડાતો, એમને મારતો તેવા આ વર્ગના થોડા લોકો સાથે આજે મારે મિત્રતા છે. તેમની સાથેના "વૈચારિક" પ્રત્યાયન થકી જાણવા મળ્યું કે તેઓ બાળપણમાં જ કોઈની વિકૃતિનો શિકાર બનેલા. શરુઆતમાં તો તેઓ પોતાના પર બળાત્કારે થોપાયેલી આ ભૂમિકાથી ત્રસ્ત હતા, પછી ધીમે ધીમે વારંવારના ફરજિયાત અનુભવને કારણે સ્વીકાર થયો, અને અંતે તેઓ આ ભૂમિકાને માણવા લાગ્યા હતા.

આજે આવા જ એક મિત્ર સાથે થયેલા સુખદ પરિચયની વાત કરવી છે. ફેસબુક પર અનેક સજાતિય સબંધો પસંદ કરતા પુરૂષો છે. મને ઘણી વાર મેસેજ કરતા હોય છે અને એમની ઈચ્છા પણ જાહેર કરે. હંમેશા મારો એક જ જવાબ હોય છે કે જાતિય બાબતોમાં આપણી પસંદગી એક નથી. મોટે ભાગે તો "ઓહ સોરી" એવો જવાબ મળે અને પછી થોડો સમય વાતો કરે અને પછી હળવેથી વિદાઈ લઈ લે. આજે જેમની વાત કરવી છે એમની સાથે મને ખુબ જ સુખદ અનુભવ થયો. મારો નનૈયો સાંભળીને એમણે મને સોરી કહ્યું, તો મેં એમને કહ્યું કે સોરી કહેવાની જરૂર નથી. તમે જે રીતે તમારી પસંદ જણાવી તો મેં પણ એ બાબતે મારી નામરજી જણાવી છે. તમારી જીવન પદ્ધતિ પર તમારો હક્ક છે અને એ તમારો અધિકાર છે. પરંતુ સામે પક્ષે મને પણ ના પાડવાનો અધિકાર છે જ.

એકાદ દિવસ બાદ તેમનો મેસેજ આવ્યો કે "સાહેબ સવારે તમારી સાથે વાત થયા બાદ સતત જીવ બળ્યા કરતો હતો. ખુબ વિચારણા કર્યા બાદ નક્કી કર્યું કે તમને સાચુ કહી જ દેવું. આ મારુ ખોટુ આઈ.ડી છે. એનું કારણ એ કે મારી આ પસંદને કારણે મને કાયમ નફરત, ગાળો અને ધૃણા જ મળે છે અને જો સાચુ આઈ.ડી. રાખું તો સમાજમાં મને જીવવા જેવું ન રહે. પરંતુ આપે જે રીતે પ્રેમપૂર્વક અને સમજણથી વાત કરી તો મને બહુ જીવ બળ્યો કે મેં આવા માણસ સાથે છેતરપિંડી કરી ? આજે તો સાચી વાત કહી જે દેવી છે!" અને મારી ના હોવા છતાં આ મિત્રએ પોતાનું સાચું નામ, કામ, ગામ અને અન્ય તમામ વિગતો જણાવી દીધી. જુઓ એમની વાત એમના જ શબ્દોમાં . . .




"પ્રિય મિત્ર, ખોટા નામ થી શરૂ થયેલી આ દુનિયા ને હમેશા માટે અલવિદા કહેવા જઈ રહ્યો છુ છેલ્લા ચાર પાંચ દિવસથી હુ વધુ મા વધુ એકાંત મા રહેતો,અને આજે ફાઈનલી મે નિર્ણય કરી જ લીધો કે આ એફ બી એકાઉન્ટ ડિલીટ મારી જ દવ, તમને વાંચયા અને આટલી વાતો પછી મને એ તો સમજાય ગયુ કે ખોટા નામ થી કોઈ ની સાથે આગળ વધવુ એ ગુનો જ છે આ મારા જીવનની મોટા મા મોટી ભૂલ છે, અને હુ એ વિચારી ને થોડા દિવસ થી સ્ટ્રેસ મા રહેતો, દોસ્ત તરીકે તમે મળ્યા એનો ખુબ આનંદ છે તમે આટલો સમય આપ્યો એ બદલ આપનો ખુબ આભારી છુ. એક સારા વ્યક્તિ ની ઓનલાઈન સંગત પણ કોઈ ના જીવન મા આટલો સુધારો લાવી શકે એ મે હવે અનુભવ્યું આમ તો સ્પર્ધાત્મક પરીક્ષા ને લગતું વાંચન બે મહિના થી જ મુકયુ, તમારા પરિચયમા આવ્યા બાદ ઈતરેતર વાંચન શોખ થોડા જાગ્યો. તમે લખેલુ કે તમારામાં આવેલ પરિવર્તન વિષે એક પોસ્ટ લખુ એ જાણી ને આનંદ થયેલો પણ ખરેખર પરિવર્તન ત્યારે જ ગણાશે જયારે હુ આ ખોટા નામ થી ધારણ કરેલી દુનિયા છોડી દવ, આપ ધારેત તો શરૂઆત થી જ મને બ્લોક કરી શકયા હોત પણ પછી મને એ સમજાયુ કે "માણસ સુધારવા હોય તો સાથે રહીને સુધારાય, દૂર થઈ ને નહીં". આપની સાથે કોનટેક મા રહેવા માટે સાચા નામની એફ બી માંથી રીક્વેસ્ટ મોકલીશ. મારા જીવનમાં ગુરુ બનવા બદલ ખુબ ખુબ આભાર. તમને વાંચયા પછી કાંઈક લખવાનો શોખ જાગ્યો, આપ પાસેથી લખતા શીખવા ની અપેક્ષા!"

હેન્ડબ્રેક :

"બ્રહ્માંડ રુપાંતર છે, અને જીવન અભિપ્રાય છે."

- માર્કુસ ઓરેલીયસ

- djtrivedi@gmail.com